પ્રથમ આવૃત્તિનું

પ્રાસ્તાવિક

સદ્ધર્મ જિજ્ઞાસુ સદ્. શ્રી નગિનદાસ ચિ. શેઠની મિલ્કતના ટ્રસ્ટીઓ તરફથી આ અગાઉ શ્રીમદ્ રાજચંદ્રરચિત ' શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ' વિવેચનસહિત, ' પરમપદ પ્રાપ્તિની ભાવના ', ભક્તિમાર્ગનું રહસ્ય ' તથા ' શ્રીમદ્ રા૦ ઊર્ધ્વીકરણનો સંક્ષિપ્ત આંતરપરિચય '— એમ ચાર કૃતિઓ પ્રગટ થયેલ છે. હવે આ પાંચમું નાનું પુસ્તક " સંતની અમૃતવાણી " પ્રગટ કરતાં ટ્રસ્ટીઓને સંતોષ થાય છે.


આ નાનકડા પુસ્તકમાં " અમે દેહધારી છીએ કે કેમ ? તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ. " (આંક, ૨૫૫) આવી દેહાતીત અકળ અગમ્ય જેની દશા વર્તતી હતી એવા પરમ તત્ત્વજ્ઞ આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીના વિશાળ અમૃતવચનોમાંથી લગભગ ૩૦૦ જેટલા ઉપકારી અને કલ્યાણકારી આત્મનિર્દિષ્ટ વચનરત્નો ચૂંટીને આપવામા આવ્યા છે. સત્પુરુષોની એક આજ્ઞાના યથાર્થ આરાધનથી અનંત ગુણો પ્રગટે છે, એ કથનની યથાર્થતા સુવિવેકી, વિચારવાન સજ્જનોને સુવિદિતજ છે.

ત્રીજી આવૃત્તિનું નિવેદન

આ પૂ૦ની પહેલી આવૃત્તિ સ્વ૦ શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠના ટ્રસ્ટીઓ તરફથી બહાર પડેલ તેઓશ્રીની મંજુરીપૂર્વક સ્વ૦ શ્રી ચંદુલાલ ત્રિભોવનદાસના કુટુંબીજનો તરફથી પ્રકાશિત થઇ છપાતાં તેમના કંપોઝમાંથી આ ત્રીજી આવૃત્તિ અમો તરફથી પ્રકાશિત થતાં તેમનો આભાર માનીએ છીએ.

તથા આ પૂ૦ની વસ્તુના સર્વ પ્રકારના સ્વાધીન હકદાર ટ્રસ્ટી સજ્જનોએ તથા સંગ્રહકર્તા પૂ૦ મહારાજશ્રીનો આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવાની રજા આપવા બદલ તેઓશ્રીનો વિશેષે કરી આભાર માનીએ છીએ.

જિજ્ઞાસુઓ આ પૂ૦ના બહુમૂલ્ય વચનામૃતોનો વાંચન–મનન કરી યથાર્થ આત્મલાભ ઉઠાવો એ



જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિત કારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

*

વચનામૃત

અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવ નિવૃત્તરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર. —આંક, ૮૩૯

સર્વજ્ઞપદ વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વાંચવા-યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્વાનુભાવે સિદ્ધ કરવા યોગ્ય છે. —હાથનોંધ ૩. પૃ. ૮૨૧

તે જ્ઞાનને તે દર્શનને અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર. —આંક, ૮૦૮

સંતની અમૃતવાણી

સર્વ યોગ ગ્રંથોના સારરુપ

(મંગલાચરણ)

સુખધામ અનંત સુસંત ચહિ,
દિનરાત્ર રહે તદ્દધ્યાન મહિ,
પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જયતે.

પત્રાંક ૯૫૪

જો ચિત્ત ભગવાનમાં લીન હોય તો બીજા યોગ પણ ચિત્તાધીન હોવાથી ભગવાનને આધીન જ છે, અને ચિત્તની લીનતા ભગવાનમાંથી ન ખસે તો જ જગતના ભાવોમાંથી ઉદાસીનતા વર્તે અને તેમાં ગ્રહણ-ત્યાગરૂપ વિકલ્પ પ્રવર્તે નહીં, જેથી તે સેવા *અખંડ જ રહે.

—પત્રાંક ૭૫૩

---

* આત્મા ને પરમાત્માની ઐક્યતારૂપ અભેદ ભક્તિ, 'ચિત્તપ્રસન્નતા' તે ચિત્તની આત્માકારવૃત્તિ સમજવા યોગ્ય.

આ જન્મમાં સ્વવશ જ્ઞાની એક જ ધન્ય છે
જે અનન્યબુદ્ધિવાળા રહેતાં થકાં નિજાત્મામાં
વાય અન્ય પ્રત્યે લીન નહિ થતાં સર્વ કર્મોથી
હાર રહે છે".-(અગાસ આશ્રમ તરફથી પ્રકાશિત
અષ્ટપ્રાભૃત' ગ્રંથમાંથી)

(અર્થાત્ કર્મોથી તે લેપાતો નથી. બલ્કે
નિર્લેપ રહે છે 'માયા પાણી રે જાણી તેહ ને
લંઘી જાયે અડોલ' (છઠ્ઠી કાન્તા દૃષ્ટિની સજ્ઝાય)
એવી તેની પ્રવર્તના હોય છે.

સ્વાનુભૂતિને પ્રાપ્ત જ્ઞાનીપુરૂષ સ્વવશ છે તેણે
ભગવન સ્વરૂપ આત્મા પ્રાપ્ત કર્યો હોવાથી ભગ-
વાન સમાન જ શાસ્ત્રમાં કહ્યો છે. શ્રી જિનાગમમાં
આચાર્ય ભ૦ ને 'તીત્થયરો સમો સૂરિः' કહ્યો.
આમ અપેક્ષિત વસ્તુ યથાતથ્ય સમજવા યોગ્ય)

અંતરંગ મોહગ્રંથિ જેની ગઈ તે પરમાત્મા છે.

— પા.

*

જ્ઞાનમય આત્મા જેમને પરમ ઉત્કૃષ્ટ ભાવે
...પ્ત થયો, અને જેમણે પરદ્રવ્યમાત્ર ત્યાગ કર્યું,
... દેવને નમન હો ! નમન હો ! આંક ૭૬૩

*

આત્મા જેવો કોઈ દેવ નથી. — પા. ૧૫૯

આત્માને ઓળખવો હોય તો આત્માના
ચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું. —આંક, ૮૫

*

અભ્યંતર દયા ચિંતવવી.—પા. ૧૧

*

આત્માનું સત્યસ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદા-
નંદમય છે, છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે, જેમ
ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.—પા. ૧૫૬

અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુ-
ષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ
છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં
પરિણામ પામે તો તે સર્વ વ્રત-યમ-નિયમ-જપ-
યાત્રા-ભકિત-શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટયો એમાં
કંઈ સંશય નથી. —આંક, ૫૩૭

નિર્ધાર છે.

તેજ પુત્ર, તેજ પિતા, તેજ શત્રુ, તેજ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે. અને એજ નિવૃત્તિને અર્થે સત્સંગ-સત્પુરૂષાદિ સાધન કહ્યાં છે.

અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુ-ષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત–યમ–નિયમ–જપ–યાત્રા–ભક્તિ–શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટયો એમાં કંઈ સંશય નથી. —આંક, ૧૩૭

સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂ
વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને
અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન
જીવનો અહંભાવ, મમત્વભાવ તે
અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દે
છે, તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતા
એમ જો જીવ પરિણામ કરે તો
જાગ્રત થઇ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય, સ
પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે.

આત્મા અનાત્માના સ્વરૂપને જાણો, એ જાણવાની પરિપૂર્ણ આવશ્યકતા છે. —પા. ૧૧૮



"જે જીવ એટલે ચૈતન્યનું સ્વરૂપ જાણતો નથી, અજીવ એટલે જડનું સ્વરૂપ જાણતો નથી કે તે બંનેના તત્ત્વને જાણતો નથી, તે સાધુ સંયમની વાત કયાંથી જાણે ?

—આંક, ૬૦ (દશવૈકાલિક સૂત્ર)

પ્ર૦– મોક્ષ એટલે શું ? આત્માનું અત્યંત શુદ્ધપણું તે, અજ્ઞાનથી છૂટી જવું તે, સર્વ કર્મથી મુકત થવું તે 'મોક્ષ' યથાતથ્ય જ્ઞાન પ્રગટયે મોક્ષ. ભ્રાંતિ રહે ત્યાં સુધી આત્મા જગતમાં છે. અનાદિકાળનું એવું જે ચેતન તેનો સ્વભાવ જાણ-પણું, જ્ઞાન છે, છતાં ભૂલી જાય છે તે શું ? જાણ-પણામાં ન્યૂનતા છે, યથાતથ્ય જાણપણું નથી. તે ન્યૂનતા કેમ મટે ? તે જાણપણારૂપી સ્વભાવને ભૂલી ન જાય તેને વારંવાર દૃઢ કરે તો ન્યૂનતા મટે. જ્ઞાનીપુરુષના વચનોનું અવલંબન લેવાથી જાણપણું થાય.

—પા. ૭૧૨

જન્મ-મરણ આદિ અન
(સર્વથા) ક્ષય થવાનો ઉ
જીવના જાણવામાં નથી, તે ઉ
કરવાની સાચી ઇચ્છા ઉત્પ
સત્પુરૂષના સમાગમનો લાભ પા
જાણી શકે છે, અને તે ઉપાયન
દુઃખથી મુક્ત થાય છે.

ાચી ઇચ્છા પણ ઘણું કરીને જીવને
ાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો
સમાગમની ઓળખાણ, દર્શાવેલા
ીતિ અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ
દુર્લભ છે.

—આંક, ૭૮૩

જ્ઞાનીનો માર્ગ સુલભ છે, પણ તે પામવો દુર્લભ છે. એ માર્ગ વિકટ નથી, સીધો છે, પણ તે પામવો વિકટ છે. પ્રથમ સાચાં જ્ઞાની જોઈએ, તે ઓળખવા જોઈએ, તેની પ્રતીતિ આવવી જોઈએ પછી તેનાં વચન પર શ્રદ્ધા રાખી નિઃશંકપણે ચાલતાં માર્ગ સુલભ છે, પણ જ્ઞાની મળવા અને ઓળખાવા એ વિકટ છે, દુર્લભ છે —પા. ૬૬૭

અંતરમાં સુખ છે, તે બહાર શોધવાથી મળશે નહિ.

અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે, સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.

સમશ્રેણી રહેવી બહુ દુર્લભ છે, નિમિત્તાધીન વૃત્તિ ફરી ફરી ચલિત થઇ જશે, ન થવા અચળ ગંભીર ઉપયોગ રાખ.

—આંક, ૧૦૮

વિવેક એ જ માર્ગનું મૂળ અને માર્ગદર્શક કહેવાય છે, તે સત્ય છે. આત્મસ્વરૂપને વિવેક વિના ઓળખી શકાય નહિ, એ પણ સત્ય છે

જ્ઞાન-દર્શનાદિ ગુણો અજ્ઞાન, અદર્શને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાંખી છે, તે ઓળખી ભાન-અમૃતમાં આવવું એનું નામ 'વિવેક' છે.

—પા. ૯૫

સંતની અમૃતવાણી : ૨૯

હું કયાંથી આવ્યો ?
હું કયાં જઈશ ?
શું મને બંધન છે ?
શું કરવાથી બંધન જાય ?
કેમ છૂટવું થાય ?

— આ વાકયો સ્મૃતિમાં રાખવાં.—પા. ૧૨

સ્વદ્રવ્ય, અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.
સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ
સ્વદ્રવ્યના રક્ષકતા ઉપર લક્ષ રાખો.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
પરભાવથી વિરકત થા. —પા. ૧૩

વસ્તુનું તત્વ જાણવું.

—પા. ૧૫૪

*

સમર્થ પુરુષો કલ્યાણનું સ્વરુપ પોકારી પોકારીને કહી ગયા, પણ કોઇ વિરલાને જ તે યથાર્થ સમજાયું.

—પા. ૧૦૯

*

એક ચિત્તે આત્મા ધ્યાવો, પ્રત્યક્ષ અનુભવ શે.

પા. ૧૧

તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીન્દ્રિય સ્વરૂપ છે. —પા ૧૨

*

પ્રત્યેક પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે.

શુદ્ધ એવા સ્ફટિકને વિશે અન્ય રંગનું પ્રતિભાસવું થવાથી તેનું જેમ મૂળ સ્વરૂપ લક્ષગત થતું નથી, તેમ શુદ્ધ નિર્મળ એવું આ ચેતન અન્ય સંયોગના તાદાત્મ્યવત્ અધ્યાસે પોતાના સ્વરૂપનો લક્ષ પામતું નથી.

—પા. ૭ ૯ હા. નો. ૧ પૃ.

તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી, તે સરળ માર્ગ છે, તે સમાધિમાર્ગ છે અને સ્થિર સ્વાભાવિક શાંતિ સ્વરૂપ છે. સર્વકાળે તે માર્ગનું હોવાપણું છે. જે માર્ગના મર્મને પામ્યા વિના કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્તમાનકાળે પામતાં નથી, અને ભવિષ્યકાળે પામશે નહિ,

—આંક, ૫૪

એક હોય ત્રણ કાળમાં
પરમારથનો પંથ.

પ્રેરે જે પરમાર્થને
તે વ્યવહાર સમંત

—આંક ૭

આત્મપરિણામની વિશેષ સ્થિરતા થવા, વાણી અને કાયાનો સંયમ સઉપયોગપણે કરવો ઘટે છે.

—પા. ૮૦૮ હા. નો. ૧ પૃ. ૧૧૦

*

સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને વીતરાગ મોક્ષ કહે છે.

—આંક. ૬૦૯

એ જ માટે સર્વ તીર્થંકરાદિ જ્ઞાનીઓએ
ણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે, કે જેના અંગે
ાત્મસાધન રહ્યા છે.

સર્વભાવથી અસંગપણું થવું એ સર્વથી
માં દુષ્કર સાધન છે, અને તે નિરાશ્રયપણે
થવું અત્યંત દુષ્કર છે, એમ વિચારી શ્રી
કરે સત્સંગને તેનો આધાર કહ્યો છે કે જે
ંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું
ને ઉત્પન્ન થાય છે. —આંક, ૬૦૯

સંસાર છે તે પુણ્ય-પાપના વિસ્તાર છે

પરમાર્થથી બંને ઉદય (પુણ્ય-પાપ) પરના કરેલા અને આત્માથી ભિન્ન જાણીને તેનાં જાણકાર અથવા સાક્ષીમાત્ર રહો, હર્ષ અને ખેદ કરો નહિ. પૂર્વે બાંધ કરેલ કર્મ તે હવે ઉદયમાં આવ્યા છે પોતાના કર્યા દૂર નથી થતાં.

—પા ૧૯

હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ
વિરામ પામ. કાંઇક વિચાર. પ્રમાદ છોડી
ા! જાગ્રત થા! નહિ તો રત્નચિંતામણી
મા મનુષ્યદેહ નિષ્ફળ જશે. —આંક, ૫૦૫

પ્રમાદભાવે આ જીવનું ભુંડું કરવામાં કંઇ
ા રાખી નથી, તથાપિ આ જીવને નિજહિતનો
ગ નથી એ જ અતિશય ખેદકારક છે.

—આંક, ૯૪૪

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહ આત્મ-વિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઇ માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઇએ

—આંક, ૭૧૯

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવા
લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબ
સમાધિસુખ ભાનમાં આવતું નથી.

—આંક,



ા ઘણું કરીને પરકથા તથા પર-
ય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી

—આંક, ૬૪૨

*

પૃહામાં જેમ જેમ ખેદ ઉપજે,
માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય

—આંક, ૭૮૭

સુખ માત્ર વિરાગમાં છે, માટે
આજે અભ્યંતર મોહિની વધારીશ

—પા. ૬

પૌદ્‌ગલિક રચનાએ આત્માને સ્તંભિત કરવો
ઉચિત નથી

—આંક, ૧૨૪

*

અભેદદશા આવ્યા વિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઇચ્છે છે, તે બંધાય છે. એવી દશા આવવા માટે એ પ્રાણીએ તે રચનાના કારણ
... આરંભ ભ્રાંતિનો

હે જીવો ! તમે બૂઝો, સમ્યક્ પ્રકારે બૂઝો. મનુષ્યપણું મળવું બહુ દુર્લભ છે અને ચારે ગતિને વિષે ભય છે એમ જાણો. અજ્ઞાનથી સદ્વિવેક પામવો દુર્લભ છે એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે એમ જાણો. અને સર્વ જીવ પોત-પોતાના કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો. (સૂયગડાંગ સૂત્ર)

આંક ૪૯૧

પૌદ્‌ગલિક રચનાએ આત્માને સ્તંભિત કરવો ઉચિત નથી —આંક, ૧૨૪

*

અભેદદશા આવ્યા વિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઇચ્છે છે, તે બંધાય છે. એવી દશા આવવા માટે એ પ્રાણીએ તે રચનાના *કારણ પ્રત્યે પ્રીતિ કરવી અને પોતાની અહંરૂપ ભ્રાંતિનો પરિત્યાગ કરવો.

સર્વ પ્રકારે કરીને એ રચનાના ઉપભોગની ઇચ્છા ત્યાગવી યોગ્ય છે, અને એમ થવા માટે સત્પુરૂષના શરણ જેવું એકકે ઔષધ નથી

—આં· ···

અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતાં જે પુરુષો તે ઉદયથી ક્ષોભ ન પામતાં સહજભાવ સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે, તે પુરુષોના ભીષ્મવ્રતનું વારંવાર સ્મરણ કરીએ છીએ.

—આંક, ૭૮૬

જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય, તે વ્યવસાય કોઇ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરૂં છું, એવું ફરી ફરી વિચારીને અને જીવમાં ઢીલા-પણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે, એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતાં જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું સંભવે છે.

—આંક, ૪૯૯

અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતાં જે પુરુષો તે ઉદયથી ક્ષોભ ન પામતાં સહજભાવ સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે, તે પુરુષોના ભીષ્મવ્રતનું વારંવાર સ્મરણ કરીએ છીએ.

—આંક, ૭૮

આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે, રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે. —આંક, ૩૪૮

*

લોકની દૃષ્ટિને જ્યાં સુધી આ જીવ વમે નહિ તથા તેમાંથી અંતર્વૃત્તિ છૂટી ન જાય ત્યાં સુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લક્ષગત ન થઇ શકે એમાં સંશય નથી. —આંક, ૭૨૩

લોકદ્રષ્ટિ અને જ્ઞાનીની દ્રષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દ્રષ્ટિ પ્રથમ નિરાલંબન છે, રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી, તેથી જીવ તે દ્રષ્ટિમાં રુચિવાન થતો નથી; પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દ્રષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેનાં ઉપાયને પામ્યા છે.

—આંક, ૮૧૦

પોતાના સ્વરૂપની ભ્રમણા ટાળવી, આત્માને આત્મભાવે ઓળખવો, આ સંસાર તે મારો નથી, હું એથી ભિન્ન પરમ અસંગ સિદ્ધ સદૃશ શુદ્ધ આત્મા છું, એવી આત્મસ્વભાવવર્તના તે*નિશ્ચય ધર્મ છે.

—આંક, ૬૪



ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે, તે બાહ્ય
સંશોધનથી મળવાની નથી, અપૂર્વ અંતરસંશોધનથી
તે પ્રાપ્ત થાય છે, તે અંતરસંશોધન કોઇક
મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે. —આંક, ૪૯

*

ધર્મ તેનું નામ આપી શકાય કે જે ધર્મ
થઇને પરિણમે, જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન
થઇને પરિણમે. —આંક, ૭૦

કોઇ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી, સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ 'સત્' પ્રાપ્ત થાય છે, 'સત્' સમજાય છે, 'સત્'નો માર્ગ મળે છે, 'સત્' પર લક્ષ આવે છે.

સજીવનમૂર્તિના લક્ષ વગર જે કંઇ પણ કરવામાં આવે છે, તે જીવને બંધનરૂપ છે, આ અમારૂં હૃદય છે.

—આંક, ૧૯૮



સમ્યક્ત્વ પામ્યા છે, એવા પુરુષનો નિશ્ચય થયે, અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે.
—આંક, ૨૪૯

※

કોઇ એક સત્પુરુષ શોધો અને તેના ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખો. —આંક, ૧૪૩

આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથાપ્રારબ્ધ વિચરે છે, એવા મહાત્માઓનો યોગ જીવને દુર્લભ છે, તેવા યોગ બન્યે જીવને તે પુરૂષની ઓળખાણ પડતી નથી, અને તથારૂપ ઓળખાણ પડયાં વિના તે મહાત્મા પ્રત્યે દૃઢાશ્રય થતો નથી, જ્યાં સુધી આશ્રય દૃઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી, ઉપદેશ પરિણમ્યા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો યોગ બનતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી

—આંક, ૮૧૭

જન્મ-જરા-મરણાદિકને નાશ કરવાવાળું
ત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરૂષનો આશ્રય
જન્મ-જરા-મરણાદિનો નાશ કરી શકે, કેમકે
યથાસંભવ ઉપાય છે. સંયોગસંબંધે આ દેહ
યે આ જીવને જે પારબ્ધ હશે તે વ્યતીત થયે
દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે
યોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે
ે જ જન્મ સાર્થક છે કે જે આશ્રયને પામીને
જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ
વસ્વરૂપમાં સ્થિતિ કરે.

—આંક, ૬૯૨



તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રય-
ભાવના નિત્ય કર્ત્તવ્ય છે.

—આંક, ૬૦

મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહિ, એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી એ રૂપ જે ઈચ્છા તે સિવાય વિચારવાન જીવને બીજી ઈચ્છા હોય નહિ. —આંક, ૫૩૭

*

અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે.

સદ્દવિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. —આંક, ૪૬૦

એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે
જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે
કયો? અને કેવા પ્રકારે? તેનો વિચાર મુમુક્ષુઓ
છે. —આંક, ૨૭૧

*

જેમ બને તેમ આત્માને ઓળખવા ભણી
હો. —આંક ૫૨

અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે, તેમાં એકદમ 'સત્' સંબંધી સંસ્કારસ્થિત થતાં નથી.

—આંક, ૨૨૯



અનાદિકાળથી જેટલું જાણ્યું છે. તેટલું બધુંય અજ્ઞાન જ છે, તેનું વિસ્મરણ કરવું. 'સત્' સત્ જ છે; સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ સત્‌ને બતાવનાર 'સત્' જોઈએ.

—આંક, ૨૦



સદ્ધર્મનો જોગ સત્પુરૂષ વિના હોય નહિ.

—આંક, ૨૪

અનંતકાળ થયાં જીવનું સંસારને વિશે પરિભ્રમણ છે, અને એ પરિભ્રમણને વિશે એણે અનંત એવાં જપ-તપ-વૈરાગ્યાદિ સાધનો કર્યાં જણાય છે, તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિદ્ધ થાય છે, એવાં એકકે સાધન થઈ શક્યા હોય એમ જણાતું નથી. એવાં જપ-તપ, કે વૈરાગ્ય અથવા બીજા સાધનો તે માત્ર સંસારરૂપ થયાં છે, તેમ થયું તે શા કારણથી? એ વાત અવશ્ય ફરી ફરી વિચારવા યોગ્ય છે.

—આંક, ૪૦૧

અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે, જો કે તેણે જપ-તપ-શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે, તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી, કે જે અમે ×પ્રથમ જ જણાવ્યું છે.

—આંક, ૧૯૨

× જુઓ આંક, ૧૯૪

અનંતકાળે જે જ્ઞાન થયું નથી, તે જ્ઞાન-પણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે જ્ઞાન થયું નથી તેને વિષે ભ્રાંતિ થાય, મૂઢ થાય તે હાનિ છે.

—આં. ૩૩૧

*

વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેંદ્રિયપણું; આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. —આં. ૪૦

અનંત જન્મ-મરણ કરી ચૂકેલા આ આત્મા
રૂણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે, અ
ી જ કર્મમુકત થવાનો જિજ્ઞાસુ કહી શકાય
તે જ પુરુષ યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂ
સમજી મુકત થવાના પુરુષાર્થમાં યોજાય છે.

—આંક,

શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી એજ આત્માની શ્રેષ્ઠતા છે, કદાપિ તે જિજ્ઞાસા પાર ન પડી તો પણ જિજ્ઞાસા તે પણ તે જ અંશવત્ છે. —આંક, ૨૫

*

મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું તે જ્ઞાન સર્વ આત્મામાં છે, પણ આવિર્ભાવ કરવું જોઇએ. —આંક, ૨૧

જગત જેમ છે, તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી

મો.—પા. ૧૫૭

*

તમારાથી જગત ભિન્ન છે, અભિન્ન છે, ભેન્નાભિન્ન છે?

ભિન્ન, અભિન્ન, ભિન્નાભિન્ન, એવો અવકાશ સ્વરૂપમાં નથી.

વ્યવહારદૃષ્ટિથી તેનું નિરૂપણ કરીએ છીએ

જગત મારા વિશે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગતસ્વરૂપે છે, હું સ્વસ્વરૂપે છું, તેથી જગત મારાથી કેવળ ભિન્ન છે. તે બંને દૃષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે.

—પા. ૮૨૭ આ. નો. ૩, પૃ. ૧૯

શ્રી જિને જે આત્માનુભવ કર્યો છે અને પદાર્થના સ્વરૂપ સાક્ષાત્કાર કરી જે નિરૂપણ કર્યું તે સર્વ મુમુક્ષુ જીવે પરમ કલ્યાણને અર્થે નિશ્ચય કરી વિચારવા યોગ્ય છે.

જિને કહેલા સર્વ પદાર્થના ભાવો એક આત્મા પ્રગટ કરવા અર્થે છે, અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે. એક આત્મજ્ઞાનીની અને બીજી આત્મજ્ઞાનીના આશ્રયવાનની એમ શ્રી જિને કહ્યું છે.

આંક. ૫૫૧

જે કંઈ અન્ય પદાર્થનો વિચાર કરવો છે, તે જીવના મોક્ષાર્થે છે, અન્ય પદાર્થના જ્ઞાનને માટે કરવો નથી.

—આંક, ૫૬૮

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.

—આંક, ૫૬૯

પા. ૬૯૪

સૌથી મોટો રોગ મિથ્યાત્વ

જેટલો રોગ હોય તેટલી દવા કરવી પડે છે. જીવને સમજવું હોય તો સહજ વિચાર પ્રગટે, પણ મિથ્યાત્વરૂપી મોટો રોગ છે, તેથી સમજવા માટે ઘણો કાળ જવો જોઈએ. શાસ્ત્રમાં *સોળ રોગ કહ્યા છે તે સઘળા આ જીવને છે, એમ સમજવુ

પા. ૬૯

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે, એવા રાગદ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઇ નથી, વર્તમાનકાળમાં થતી નથી ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી, એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે, તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુ-વચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. —આંક, ૩૭૫

પૂર્વે જ્ઞાનીની વાણી આ જીવે નિશ્ચયપણે કદી સાંભળી નથી, અથવા તે વાણી સમ્યક્ પ્રકારે માથે ચડાવી નથી, એમ સર્વદર્શીએ કહ્યું છે

—પા. ૭૪૯



ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે.

—આંક, ૩૧

પૂર્વે જ્ઞાનીની વાણી આ જીવે નિશ્ચયપણે કદી સાંભળી નથી, અથવા તે વાણી સમ્યક્ પ્રકારે માથે ચડાવી નથી, એમ સર્વદર્શીએ કહ્યું છે

—પા. ૭૪૯

*

ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે.

—આંક, ૩૧

સત્સમાગમના અભાવે વીતરાગશ્રુત પરમ શાંતરસપ્રતિપાદક વીતરાગ વચનોની અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.

—આંક, ૮૫૧

*

શુદ્ધ આત્મપદની પ્રાપ્તિ અર્થે વિતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે.

—આંક, ૭૬૪

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે સત્શ્રુત અને સત્સમાગમ.

શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંત રસગર્ભિત જેમાં વર્ણવ્યા છે એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે. —આંક, ૮૨

*

સનાતન આત્મધર્મ તે શાંત થવું, વિરામ પામવું તે છે, આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે, તે ષડ્દર્શનમાં સમાય છે, ષડ્દર્શન જૈનમાં સમાય છે. —પા. ૯

પરમશાંતશ્રુતના વિચારમાં ઈંદ્રિયનિગ્રહપૂર્વક વૃત્તિ રાખવામાં સ્વરૂપસ્થિરતા અપૂર્વપણે ગટે છે. —આંક, ૮૯૬

*

જે શ્રુતથી અસંગતા ઉલ્લસે, તે શ્રુતનો રિચય કર્તવ્ય છે. —આંક, ૭૮૬

આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે અને સ્વભાવમાં અનવકાશપણે રહેવાને અર્થે કોઇ પણ મુખ્ય ઉપાય હોય તો આત્મારામ એવા જ્ઞાની પુરુષનો નિષ્કામબુદ્ધિથી ભક્તિયોગરૂપ સંગ છે. —આંક, ૪૩૨

સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો તેમ જ ઉપાસવો.

સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો.

'નમો દુર્વાર રાગાદિ
વૈરિવાર નિવારણે
અર્હતે યોગિનાથાય,
મહાવીરાય તાયિને'

—પા. ૬૭૧

'मोक्षमार्गस्यनेतारं, भेत्तारं कर्मभूभृताम्;
ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्गुण लब्धये'

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ,
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.
જે જ્ઞાને કરી જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત,
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકિત.

—આ૦, ૭૧૫

જે ચેતન જડ ભાવો, અવલોકયા મુનીંદ્ર સર્વજ્ઞે,
તેવી અંતર આસ્થા, પ્રગટયે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.
સમ્યક્-પ્રમાણપૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિશે ભાસે,
સમ્યગ્જ્ઞાન કહ્યું તે, સંશય-વિભ્રમ મોહ ત્યાં નાસે.
વિષયારંભ નિવૃત્તિ, રાગદ્વેષનો અભાવ જ્યાં થાય,
સહિત સમ્યગ્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય.
ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વભાવ જ્યાં થાય,
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.

—આંક. ૭૭૪

દેહ તે આત્મા નથી, આત્મા દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાથી ભિન્ન છે, તેમ દેહને જોનાર-જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, અર્થાત દેહ નથી. —આંક, ૮૨૫

*

*જ્યાં 'હું' માને છે, ત્યાં 'તું' નથી, જ્યાં 'તું' માને છે ત્યાં 'તુ' નથી. —પા. ૧૫૬

*

કહેવારૂપ હું તેને નમસ્કાર હો. —આંક, ૧૮

* બંનેના અર્થ એકજ થાય છે.

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન
જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ, જે રહે તે છે જીવસ્વરૂપ
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ,
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ
સર્વ અવસ્થાને વિશે, ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.

—આ૦, ૭૧૮

દેહ જીવ એકરૂપે, ભાસે છે અજ્ઞાનવડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ, તેથી તેમ થાય છે.
એવો જે અનાદિ, એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીના વચનવડે, દૂર થઇ જાય છે.
ભાસે જડ ચૈતન્યનો, પ્રગટ સ્વભાવ ભિન્ન,
બંને દ્રવ્ય નિજનિજરૂપે, સ્થિત થાય છે.

—આંક, ૯૪

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત.
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત
સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ.
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિન સ્વરૂપ.
સદ્ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ,
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ
એમ શુદ્ધ સ્વભાવને, કે જેથી જિન [illegible]
[illegible] જિનસ્વભાવ તો, આત્મભાવનો [illegible]

—આ. ૭૧૮

[illegible] આતમા, અન્ય કોઈ નો કર્મ,
[illegible] સૌ જિનવચન, [illegible] કો મર્મ.

—પ. [illegible] પૃ. ૩૫

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ કંઈ નાંહી,
લક્ષ થવાને તેહનો, [illegible] શાસ્ત્ર સુખદાયી

—આ. [illegible]



જડભાવે જડ પરિણમે,
ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહિ,
છોડી આપ સ્વભાવ. —આંક, ૨૬૬

*

ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
ણું પામે નહિ, ત્રણે કાળ દ્રવ્યભાવ.
—આંક, ૭૧૮

જડ ને આત્મા તન્મયપણે થાય નહિ. સૂતરની
ટી સૂતરથી કાંઇ જુદી નથી, પણ આંટી કાઢવી
માં વિકટતા છે. જો કે સૂતર ઘટે નહિ ને વધે
હિ; તેવી જ રીતે આત્મામાં આંટી પડી ગઇ છે
—૫૫ ૭૧૪

હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાય
આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના પુ
કર્મની છે, પણ મારું સ્વરુપ નાશ કરવાને
સમર્થ નથી, એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હે

—આક.

*

[illegible]

—આંક, [illegible]

*

જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન.
અવલંબન શ્રી સદ્ગુરુ સુગમ અને સુખખાણ.

—આંક, [illegible]

*

બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝનકી રીત,
પાવે નહીં ગુરુગમ બિના, એહિ અનાદિ સ્થિત

—આંક, [illegible]

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે, તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધસ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બંને સમાન છે.

—આંક, ૮૩૩

દૂધ અને પાણી ક્રિયા કરવાથી જુદા પડે ત્યારે જુદા કહેવાય, તેવી રીતે આત્મા અને દેહ ક્રિયાથી જુદા પડે ત્યારે જુદા કહેવાય. દૂધ દૂધના અને પાણી પાણીના પરિણામ પામે ત્યાં સુધી ક્રિયા કરવી આત્મા જાણ્યો હોય તો પછી એક પર્યાયથી માંડી આખા સ્વરૂપ સુધીની ભ્રાંતિ થાય નહિ.

—પા. ૬૮૭

✱ અનુભવપૂર્વક સમજવા યોગ્ય.

દર્શનમોહ વ્યતીત થઇ, ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.

—આંક. ૭૩૮

આત્માના છ પદ

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ :- 'આત્મા છે.'

જેમ ઘટ પટ આદિ પદાર્થો છે તેમ આત્મ
પણ છે અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પ
આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એ
ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એ
આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ :- 'આત્મા નિત્ય છે.'

ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી
આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે
પદાર્થ છે, આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે;

માટે કોઇ પણ સંયોગો અનુભવ-
થી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતન-
થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન
ી હોવાથી અવિનાશી છે, કેમકે જેની
થી ઉત્પત્તિ ન હોય તેનો કોઇને વિષે
ાય નહીં.

' આત્મા કર્ત્તા છે. '

પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઇને
ામક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામાં
આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન
કર્ત્તા છેઃ તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને
. પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજ-
ર્તા છે, અનુપચરિત (અનુભવમાં આવવા-
ોષ સંબંધ સહિત) વ્યવહારથી તે
વ્ય કર્મનો કર્ત્તા છે, ઉપચારથી ઘર,
દિનો કર્ત્તા છે.

તેની મોહબુદ્ધિમાં
સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની આવ્યું આવે
જીવને અનાદિથી એવું એકાગ્રપણું આવ્યું આવે
છે, કે તેના વિવેક કરતાં કરતાં જીવને મુંઝાઇને
પાછું વાળવું પડે છે, અને તે મોહથી છૂટવાને
ત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો
ગ પૂર્વકાળે ઘણીવાર બન્યો છે, કેમકે જેનો
નાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ
વેના અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી
ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ
વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો
યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત
સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ
થાય છે એમાં પ્રથમથી ઉત્પન્ન થતાં સંશય ધીર
જથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથ
અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાન
હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અ

ખૂણો નિરાકાર ચિંતન થાય છે. આગળ [illegible]
આજ્ઞાઓ તો નિરાકાર ચિંતન. થવાનો યોગ બને છે.
અનિયમ [illegible] [illegible] સ્વાભાવિક હોવાને લીધે

આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબાધ

* 'આજ સુધી અસ્તિત્વ ભાસ્યુ નથી. અસ્તિત્વ ભાસ [illegible] સમ્યક્ત્વનું અંગ [illegible] સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યક્ત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિના માફક [illegible] થઈ શકતો નથી. [illegible] છે, અને [illegible] આત્મા [illegible] પાછા પડે છે, અર્થાત્ પ્રકૃતિ [illegible] આગળ [illegible] તો પણ [illegible] આપતી નથી એક વખત સમ્યક્ત્વ આવ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. એમ થવાનું મૂળ કારણ અસ્તિત્વ ભાસ્યું તે છે. જો કદાચ અસ્તિત્વની વાત કહેવામાં આવતી હોય તો પણ તે બોલવા માત્ર છે, કારણકે ખરેખર અસ્તિત્વ ભાસ્યું નથી.

પા. ૭૬૦

અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેનાં કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી સંસાર-ક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે. એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે એ જ વિનંતિ. —પત્રાંક ૫૭૭

